સત્યમેવ જયતે

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
મહેસુલ શાખા જિલ્લા સેવા સદન-૧,
પહેલોમાળ, મોતીબાગ,ભાવનગર : ૩૬૪૦૦૧
ફોન : ૦૨૭૮-૨૪૨૬૪૮૭ ફેક્સ : ૨૪૨૭૯૪૧
ઈ-મેઈલ :- collector-bav@gujarat.gov.in

નં.જમીન-૪/તબદીલ/૭૮૮૨/૨૦૨૦ તા.૧૯/03/૨૦૨૦

વિષયઃ-મેથળા બંધારા યોજના કામે જંગલ ખાતાની ડુબમાં જતી જમીનના બદલામાં વળતર વનીકરણના હેતુ માટે વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવા બાબત.
વલ્લભીપુર તાલુકાના મોજે.મોણપુરના સરકારી પડતર સ.નં.૫૧૫ પૈ.૧ ની જમીનમાંથી હે.૫૯૮-૨૪-૨૭ ચો.મી જમીન.
કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગર.

વંચાણે લીધાઃ-
(૧) કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગરના પત્ર નં.સીબી-મેથળા બંધારા/જમીન તબદીલ/૪૬૯, તા.૨૫/૦૩/૨૦૧૯.
(૨) પ્રાંત અધિકારીશ્રી, શિહોરના પત્ર નં.જમીન/૧/વશી/૩૯૩/૨૦૧૯, તા.૨૮/૦૫/૨૦૧૯.
(૩) નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગરના પત્ર નં.બ/જમન/ટે-૧૧/૨૨૮૬-૮૭/૨૦૧૯-૨૦, તા.૨૦/૦૬/૨૦૧૯.
(૪) ડી.આઇ.એલ.આર.શ્રી, ભાવનગરના પત્ર નં.ડીએસઓ-૫/એસ.એસ./૨૪૦/૨૦૧૮-૧૯, તા.૦૨/૦૫/૨૦૧૯.
(૫) કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), ભાવનગરના પત્ર નં.સીબી/૬૩૩, તા.૨૨/૦૫/૨૦૧૯.
(૬) કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, ભાવનગરના પત્ર નં.ડીપી/સીબી/બીનખેતી/૪૦૬/૨૦૧૯, તા.૨૪/૦૬/૨૦૧૯.
(૭) અત્રેની કચેરીના પત્ર નં.જમીન-૪/તબદીલ/૭૮૮૨/૨૦૧૯,તા.૫/૬/૨૦૧૯
(૮) સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : જમન/ ૫૪૧૯/ ૧૨૮૩/અ, તા.૨૦/૦૨/૨૦૨૦.

COLLECTOR OFFICE - BHAVNAGAR
સત્યમેવ જયતે
કલેક્ટર કચેરી ભાવનગર

## -:: હુકમ ::-

કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગર દ્વારા વંચાણે લીધા-(૧) ના દરખાસ્ત પત્રથી વલ્લભીપુર તાલુકાના મોજે.મોણપુરના સરકારી પડતર સ.નં.૫૧૫ પૈ.૧ ની જમીનમાંથી હે.૫૯૮-૨૪-૨૭ ચો.મી જમીન મેથળા બંધારા યોજના કામે જંગલ ખાતાની ડુબમાં



Scanned with CamScanner

જતી જમીનના બદલામાં વળતર વનીકરણના હેતુ માટે વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ/વર્ગફેર થવા માંગણી કરવામાં આવેલ.

પ્રસ્તુત માંગણી કામે. પ્રાંત અધિકારીશ્રી, શિહોરના વંચાણે લીધા-(૨) ના પત્રથી માંગણીવાળી જમીન સ્થળે ખુલ્લી છે. આ જમીનમાંથી વિદ્યુતલાઇન પસાર થતી નથી. તેમજ આજુબાજુમાંથી રેલ્વે લાઇન, બંદર કે એરોડ્રોમ આવેલ નથી. આ જમીન અંગે કોઇ કોર્ટ લીટીગેશન શરૂમાં નથી. સરપંચશ્રી, મોણપુર ગ્રામ પંચાયત દ્વારા સવાલવાળી જમીન જંગલ ખાતાને તબદીલ કરવા વિરોધ દર્શાવેલ છે. પરંતુ સવાલવાળી જમીન મોણપુર ગ્રામ્ય વિસ્તારથી આશરે ૫ કિ.મી દૂર આવેલ હોઇ, કોઇ સાર્વજનિક કે વિકાસ કામે ઉપયોગમાં આવી શકે તેમ નથી. તેમજ કોઇ અન્ય જાહેર હેતુ માટે અનામત રાખવામાં આવેલ નથી. તેમ છતાં મોજે.મોણપુરના સ.નં.૫૧૫ પૈ ૧ ની કુલ જમીન હે.૧૪૦૦-૭૪-૬૯ ચો.મી છે. જેથી માંગણી મુજબ હે.૫૯૮-૨૪-૨૭ ચો.મી જમીન વન વિભાગને તબદીલ કર્યા બાદ હે.૮૦૨-૫૦-૪૨ ચો.મી બાકી રહે છે. જે જમીન ગ્રામ પંચાયતના ભવિષ્યના સાર્વજનિક વિકાસ માટે ઉપયોગમાં લઇ શકાય તેમ છે. વધુમાં સવાલવાળી જમીન "સરકારશ્રી" સદરની હોઇ, ગ્રામ પંચાયતની વાંધા અરજી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જે બાબત ધ્યાને લેતાં માંગણીવાળી જમીન વળતર વનીકરણના હેતુ માટે વહીવટી હુકમ-૩ હેઠળ તબદીલ કરવા હકારાત્મક અભિપ્રાય રજુ કરેલ છે.

નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગરના તા.૨૦/૦૬/૨૦૧૯ ના પત્ર નં.બ/જમન/ટે-૧૧/૨૨૮૬-૮૭/૧૯-૨૦ થી મેથળા બંધારા યોજનાના કામમાં તળાજા તાલુકાના મોજે.મેથળા તથા પ્રતાપરા ગામની અનામત જંગલની જમીન ડુબમાં જતાં વળતર વનીકરણથી વલ્લભીપુર તાલુકાના મોજે.મોણપુરના સ.નં.૫૧૫ પૈ ૧ ની જમીન હે.૫૯૮-૨૪-૨૭ ચો.મી જમીન આપવા સુચિત થયેલ છે. આ જમીન અંગે તપાસ કરાવતાં સુચિત જમીન કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર તાબાના મેવાસા ગામના અનામત જંગલને લગત છે. અને ઘાંસીયા ભૂમિ તરીકે વિકાસ કરી શકાય તેવી જમીન છે. વન્યજીવ સંરક્ષણ હેતુથી સદરહુ જમીન યોગ્ય હોય આ જમીન ફાળવવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ડી.આઇ.એલ.આર.શ્રી, ભાવનગરના તા.૦૨/૦૫/૨૦૧૯ ના પત્ર નં.ડીએસઓ-૫/એસ.એસ./૨૪૦/૨૦૧૮-૧૯ થી અત્રેની કચેરીના રેકર્ડથી ખરાઇ કરતાં મોણપુર ગામનું ટીપ્પણ/ફેસલ પત્રક ઉપલબ્ધ નહીં હોવાથી ફક્ત સીમતળના નકશાની ચકાસણી કરતાં નકશામાં સવાલવાળી જમીન અન્ય કોઇ આસામીને આપેલ હોવાનું જણાતુ નથી. જેથી માંગણીવાળા નકશા મુજબ જમીન ગ્રાન્ટ કરવામાં આવે તો હરકત સરખું નથી. તેમ અભિપ્રાય રજુ કરેલ છે.

વધુમા વંચાણે લીધા-(૫) અને (૬) ના પત્રથી સંબંધકર્તા અધિકારીશ્રીઓ દ્વારા તેઓના ખાતાને લગતાં કાયદા/નિયમોની ચકાસણી કરીને મેથળા બંધારા યોજના કામે જંગલ ખાતાની

Scanned with CamScanner

હુકમમાં જતી જમીનના બદલામાં વળતર વનીકરણના હેતુ માટે જમીન તબદીલ/ફાળવવા માટે હકારાત્મક અભિપ્રાયો રજુ કરેલ છે.

કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગરની મેથળા બંધારા યોજના કામે જંગલ ખાતાની હુકમમાં જતી જમીનના બદલામાં વળતર વનીકરણના હેતુ માટે જમીન મળવાની માંગણી કામે ઉપરોકત વિગતેના સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓ તરફથી રજૂ થયેલ હકારાત્મક અહેવાલ ધ્યાને લઇ, અત્રેની કચેરીના વંચાણે લીધા-(૬) ના પત્રથી વલ્લભીપુર તાલુકાના મોજે.મોણપુરના સરકારી પડતર સ.નં.૫૧૫ પૈ.૧ ની જમીનમાંથી હે.૫૯૮-૨૪-૨૭ ચો.મી જમીન મેથળા બંધારા યોજના કામે જંગલ ખાતાની હુકમમાં જતી જમીનના બદલામાં વળતર વનીકરણના હેતુ માટે ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ ના નિયમના વહીવટી હુકમ-૩ નીચે રાજ્ય સરકારશ્રીના "વન અને પર્યાવરણ વિભાગ – હસ્તે નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગર" ના નામે તબદીલ કરવા અત્રેનો સ્પષ્ટ અભિપ્રાય થતો હોઇ, આ અંગે સરકારશ્રીના યોગ્ય તે મંજૂરી હુકમ મેળવી આપવા, સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરને દરખાસ્ત પાઠવવામાં આવેલ.

અત્રેની કચેરીની ઉક્ત દરખાસ્ત અન્વયે, સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના વંચાણે લીધા-(૮) ના પત્રથી વલ્લભીપુર તાલુકાના મોજે.મોણપુરના સરકારી પડતર સ.નં.૫૧૫ પૈ.૧ ની જમીનમાંથી હે.૫૯૮-૨૪-૨૭ ચો.મી જમીન ગુજરાત સરકારશ્રીના "વન અને પર્યાવરણ વિભાગ- હસ્તે નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગર" ના નામે મહેસૂલ વિભાગના પરિપત્ર ક્રમાંક : જમન-૩૯૦૭-૧૯૯૩-અ, તા.૧૮/૦૧/૨૦૦૮ માં જણાવેલ શરતો અને સૂચનાઓ અન્વયે હુકમ કરવા મંજુરી આપેલ છે.

સબબ, વલ્લભીપુર તાલુકાના મોજે.મોણપુરના સરકારી પડતર સ.નં.૫૧૫ પૈ.૧ ની જમીનમાંથી હે.૫૯૮-૨૪-૨૭ ચો.મી જમીન મેથળા બંધારા યોજના કામે જંગલ ખાતાની હુકમમાં જતી જમીનના બદલામાં વળતર વનીકરણના હેતુ માટે ગુજરાત સરકારશ્રીના "વન અને પર્યાવરણ વિભાગ – હસ્તે નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગર" ના નામે તબદીલ/વર્ગફેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

| જમીનની વિગત | તબદીલીની વિગત | ચતુઃદિશા |
|---|---|---|
| વલ્લભીપુર તાલુકાના મોજે.મોણપુરના સરકારી પડતર સ.નં.૫૧૫ પૈકી ૧ ની જમીનમાંથી હે.૫૯૮-૨૪-૨૭ ચો.મી જમીન. | "વન અને પર્યાવરણ વિભાગ – હસ્તે નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગર" | પૂર્વ – ગણેશગઢ ગામની સીમાડો.<br>પશ્ચિમ – રે.સ.નં.૫૧૫ પૈ. ની જમીન.<br>ઉત્તર – માલીકીની જમીન તથા મેવાસાનો સીમાડો.<br>દક્ષિણ – રે.સ.નં.૫૧૫ ની જમીન. |

:: શરતો ::

(૧) સવાલવાળી જમીન "શ્રી સરકાર" તરીકે રહેશે.

(૨) પ્રશ્નવાળી જમીન જે હેતુ માટે આપવામાં આવેલ છે. તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે.

(૩) સવાલવાળી જમીન કોઈપણ પ્રકારે તબદીલ કે હેતુફેર કરી શકાશે નહી.

(૪) જમીનનો બે વર્ષમાં ઉપયોગ કરવાનો રહેશે.

(૫) આ જમીનની માપણી ડી.આઈ.એલ.આરશ્રી, ભાવનગર પાસે કરાવીને, બાંધકામના નકશા મંજુર કરાવીને બાંધકામ કરવાનું રહેશે. તેમજ મામલતદારશ્રી, વલ્લભીપુરએ માપણીશીટ રજુ થયા બાદ સર્કલ ઓફિસરશ્રી સાથે રહી કબજા સોંપણીની કાર્યવાહી કરવાની રહેશે.

(૬) સવાલવાળી જમીનને અસરકર્તા રોડ અંગે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીના રીબન ડેવલપમેન્ટ રૂલ્સ અંગે અભિપ્રાય મેળવી નિયમાનુસાર રીબન-ડેવલપમેન્ટ રૂલ્સનો ભંગ ન થાય તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૭) સવાલવાળી જમીનમાંથી વીજલાઇન, ગેસલાઇન પસાર થતી હોય કે વોટરબોડી કે અન્ય કોઇ લાગુ પડતા માર્જીન કે નિયંત્રણો હોય તો તે મુજબ નિયમોનુસાર અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) ફાળવેલ જમીનમાંથી જો કોઇ જાહેર રસ્તાઓ પસાર થતા હોય, તો તે ખુલ્લા રાખવાના રહેશે. તેમજ ચોમાસાના કુદરતી પાણી અટકે નહી તે રીતે બાંધકામ કરવાનું રહેશે.

(૯) ઉપર્યુક્ત શરતો પૈકી કોઈપણ પ્રકારનો શરતભંગ થશે તો જમીન આપવાનો હુકમ રદ કરીને ઈમલા સહીત જમીનનો કબજો સંભાળવામાં આવશે.

આ હુકમ મુજબ ગામ દફતરે નોંધ કરવા મામલતદારશ્રી, વલ્લભીપુરએ અમલવારી કરવી.

**વલ્લભીપુર તાલુકાના મોજે.મોણપુરના સરકારી પડતર**
**સ.નં.૫૧૫ પૈકી ૧ ની જમીનમાંથી હે.૫૯૮-૨૪-૨૩ ચો.મી જમીન.**

રવાના કર્યું
(ડી.એ.ગોડલીયા)
ચીટનીસ ટુ કલેક્ટર
ભાવનગર

(ગૌરાંગ મકવાણા)
કલેક્ટર
ભાવનગર જિલ્લો
ભાવનગર

પ્રતિ,
કાર્યપાલક ઇજનેરશ્રી,
ક્ષાર અંકુશ વિભાગ,
બહુમાળી ભવન, ભાવનગર

નકલ રવાના:

(૧) પ્રાંત અધિકારીશ્રી, શિહોર.

(૨) ડી.આઇ.એલ.આર.શ્રી, ભાવનગર

...આ જમીનની માસ-૧(એક) માં સરકારી ખર્ચે માપણી કરાવી રેકર્ડ દુરસ્તી થવા સારૂ.

(૩) મામલતદારશ્રી, વલ્લભીપુર.

...આ હુકમ મુજબ અમલવારી કરી, ડી.આઇ.એલ.આર.શ્રી, ભાવનગર તરફથી જમીનની માપણીશીટ રજુ થયેથી જમીનના સ્થળે કબજો સુપ્રત કરવો, હુકમ અન્વયે ગામ દફતરે નોંધ કરવી પ્રમાણિત નકશા તથા દુરસ્ત ગામ રેકર્ડના આધારે અત્રેને મોકલી આપવા સારૂ.

(૪) તલાટી કમ મંત્રીશ્રી, મોણપુર, તા.વલ્લભીપુર.

નકલ સવિનય રવાના:-

(૧) નાયબ સચિવશ્રી,
મહેસુલ વિભાગ ('ગ' શાખા),
બ્લોક નં.૧૧, નવા સચિવાલય, ગાંધીનગર. ... જાણ થવા વિનંતી છે.

(૨) નાયબ સચિવશ્રી,
મહેસુલ વિભાગ (અ-૧, શાખા),
બ્લોક નં.૧૧, નવા સચિવાલય,
ગાંધીનગર. ... જાણ થવા વિનંતી છે.

(૩) ઉપ સચિવશ્રી,
વન અને પર્યાવરણ વિભાગ,
નવા સચિવાલય,
ગાંધીનગર. ... જાણ થવા વિનંતી છે.

Scanned with CamScanner